**રાજકોટના મહે. ૯ માં અધિક જયુડી. મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,**

**ફોજદારી કેસ નં.– 15828/2023**
**આંક–.....**

**ફરીયાદી – સરકારશ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી – ભરતભાઈ મોહનભાઈ સોલંકી**

**ગુન્હો :– પ્રોહીબીશન એકટની કલમ– ૬૫એએ**

**:: જજમેન્ટ ::**

**(૧)..**આ કામના ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ આ કામના ચાર્જશીટમા જણાવેલ તારીખે સમયે અને સ્થળે પોતના હસ્તકનુ વાહન પાસ પરમીટ કે આધાર વગર કેફી પીણુ રાખેલ હાલતમાં ચલાવતો મળી આવતા પ્રોહી ૬૫ એએ મુજબનો ગુનો કરેલ હોય આરોપીને અટક કરી પોલીસ તરફથી ચાર્જશીટ રજુ કરેલ છે. આરોપી હાલ જામીન મુકત છે આરોપી કોર્ટમા સમન્સ બજતા હાજર હોય કેસની નકલો આપવામા આવેલ છે આંક–**......** ની ગુન્હા કબુલાતી પુરશીશ આપી ગુન્હાની સ્વૈચ્છિક કબુલાત કરેલ છે અને તેઓ ગુનો કરેલાનો પસ્તાવો છે અને ભવિષ્યમા તેવી ભુલ ન થાય તેમ જણાવે છે.સદરહુ ગુન્હા અંગે આંક– **....** થી જવાબ લેવામા આવેલ છે પ્રથમ ગુનો અજાણતા થઈ ગયેલ હોય દયા કરવા કોર્ટને અરજ કરેલ છે.

**(૨)..** વધુમા આરોપીના કેસ જોતા ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોના કેસમા ૨૦૦૫ જી.એલ.આર.પાના નં.૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદામા માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપીને ઓછી સજા કરવી

ન્યાયોચિત જણાય છે જેથી આરોપીને સુધરવાની તક મળે તેથી આ કેસના તમામ સંજોગો લક્ષમા લઈ નીચે મુજબ હુકમ કરુ છુ.

**:: <u>હુકમ</u> ::**

**(૧)** આ કામના આરોપીને ક્રી.પ્રો.કોડની કલમ–૨૪૧ મુજબ પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ એ એ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦/–(અંકે રૂપિયા સો પુરા) નો દંડ ફરમાવવામા આવે છે.જો આરોપી દંડ ન ભરે તો દિવસ–૧૦ ની સાદી કેદની સજા ફરમાવવામા આવે છે.

**(૨)** મુદામાલ વાહનનો અગાઉ વચગાળાનો કરેલ હુકમ અપીલ સમય બાદ કાયમ કરવામા આવે છે અને જો વચગાળાના તબકકે મુદામાલનો કોઈ હુકમ થયેલ ન હોય તો મુદામાલ વાહનના માલીકીપણાની ખરાઈ કરી તેના માલીકને પરત સોંપી આપવાનો તથા અન્ય મુદામાલનો ધોરણસર નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ તારીખ : ૨૨ મી, માંહે : જુન , સને : ૨૦૨૪ના રોજ લોકઅદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ
તારીખ: ૨૨/૦૬/૨૦૨૪
લોકઅદાલત

**(ઋત્વિજ ફાલ્ગુનભાઈ ત્રિવેદી)**
૯ માં એડી. ચીફ જયુડી. મેજી., રાજકોટ
**U.I.C. NO. GJ01748**